હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ભાઈ, મને દર રક્ષાબંધને એવું લાગે છે કે, હું આ ઘર છોડીને... તને અમેરિકાનું સૈન્ય જેમ અફઘાનીસ્તાન વાસીને તાલિબાનીનાં ભરોસે છોડીને ગયા... એમ મેં તને ભાભી આગળ છોડી દીધો...!!!

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બહેનોની સાઈકલ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના નિયંત્રણ હેઠળ ચાલતી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સિનિયર કોચ ગાંધીનગરની કચેરી દ્વારા મહાત્મા મંદિરથી ૧૪ કિમીની સાઈકલ રેલી યોજાઈ હતી. જેમાં ૭૫ યુવતીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગર ટ્રાફીક પોલીસ, સિવિલ હોસ્પિટલ તથા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સહયોગથી સાઈકલ રેલી યોજાઈ હતી.

ZCAD પબ્લીકેશનનો ઈ-સામાયિક લોકાર્પણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ZCAD ગ્રુપનો ઈ-સામાયિક લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 'બાળ-સ્પંદન' અને 'બાલ વિચાર' ઈ-સામાયિકનું લોકાર્પણ થયુ હતુ. કિરીટ ગોસ્વામીના બાળકાવ્ય સંગ્રહ 'હાથીભાઈની સ્કૂલ' અને 'જિંદગીના સ્ક્રીન શોર્ટ' પુસ્તકનું વિમોચન થયુ હતુ. આ સમગ્ર કાર્યક્રમ https://youtu.be/gmc353tur6e લિંક પર મુકવામાં આવ્યો છે.

અન્ન કીટનું ગાંધીનગર મહાનગરના વોર્ડ નં. ૧, ૨, ૩ અને ૯માં જરૂરિયાતમંદોને વિતરણ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માધ્યમથી તૈયાર કરાયેલ રાશન કીટનું મહાનગરના વોર્ડ નં. ૧,૨,૩ અને ૯માં ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્યશ્રી ભૂપેન્દ્ર પટેલ, મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ તેમજ કર્ણાવતી મહાનગરના ઉપાધ્યક્ષશ્રી દર્શક ઠાકરની વિશેષ ઉપસ્થિતિમાં જરૂરિયાતમંદોને અન્ન કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મહાનગરના મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, સિનિયર અગ્રણીશ્રીઓ, મોરચાના પદાધિકારીઓ, ભાજપના ઉમેદવારો, વોર્ડના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડભોડામાંથી ૩ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

ડભોડા પોલીસ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન પોલીસ જવાનને બાતમી મળી હતી કે હનુમાનજી મંદિર પાર્કિંગની સામે સ્મશાન પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડીને જુગાર રમી રહેલા જુગારીઓને દબોચી લીધા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા રણજીત ઈશ્વર દંતાણી, અજય બકાભાઈ દંતાણી, અને અનિલ ભરત દંતાણી (રહે. દંતાણીવાસ ડભોડા) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસને દાવ પરથી રોકડ રૂ.૨૨૦ તેમજ અંગજડતી દરમિયાન ૧૦૭૦ મળી કુલ રૂ.૧૨૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સરઢવ ગામે ત્રણ ખેડુતના ખેતરમાંથી ૧૦૦ મીટર કેબલની ચોરી

ગાંધીનગર, તા.૨૧

સરઢવ ગામે કલેશવરી મંદિર સામે આવેલા ખેડુતના ખેતર સહિત અન્ય બે ખેડુતના ખેતરમાંથી સ્વીચ બોર્ડ થી પાઈપ સુધીનો કેબલ ચોરી કરી કોઈ ચોર શખ્સ લઈ પલાયન થઈ ગયો છે. ત્રણેય ખેડુતના ખેતરમાંથી મળીને કુલ ૧૦૦ મીટર કેબલ કિં.રૂ.૪૪ હજારની ચોરી કરી નાસી જતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ સરઢવ ગામના દિલિપભાઈ પટેલનું કલેશવરી મંદિર પાસે ખેતર આવેલ છે. ગતરોજ સવારે ખેતરમાં ગયા હતા ત્યારબાદ બપોરે ઘરે પરત ફર્યા હતા. જયારે સાંજના ૭ વાગે ખેતરમાં ગયા હતા તે સમયે તેઓએ જોયુ તો તેમના ખેતરમાં બોરકુવાની ઓરડીમાંથી પાઈપ સુધીનો ૩૫ એમએમનો ૪૦ મીટર કેબલ કોઈ અજાણ્યો ચોર શખ્સ ચોરી કરી ગયો હતો. ત્યારબાદ તેમની પાડોશમાં આવેલા રમણભાઈના ખેતરમાંથી પણ ૩૦ મીટર કેબલની ચોરી થવા પામી છે. જયારે નિલેશ પટેલના બોરકુવાની ઓરડીના દરવાજનો હુક તોડી સ્વીચ બોર્ડથી પાઈપ સુધીનો ૨૫ એમએમનો ૩૦ મીટર કેબલ ચોરી થયાની જાણ થઈ હતી. બનાવ અંગે દિલિપભાઈએ પેથાપુર પોલીસ મથકે રૂ.૪૪૦૦૦ હજારના ૧૦૦ મીટર કેબલ ચોરી અંગે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજ્યમાં કોરોનાના માત્ર ૧૫ કેસ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં કોરોનાના કેસ તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યા છે. તો બીજી તરફ રાજ્યમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યામાં પણ સારો એવો વધારો થઈ રહ્યો છે. કોરોનાના રાજ્યમાં આજે માત્ર ૧૫ કેસ જ નોંધાયા છે. તો બીજી તરફ ૧૬ દર્દીઓ સાજા થયા છે. ૮,૧૫,૦૨૪ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓ ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. આ ઉપરાંત ૩,૯૭,૫૨૪ રસીના ડોઝ આપવામાં આવી ચુક્યા છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧૮૪ એક્ટિવ દર્દીઓ છે. જે પૈકી ૦૫ વેન્ટિલેટર પર છે. ૧૭૯ દર્દીઓ સ્ટેબલ છે. ૮,૧૫,૦૨૪ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. કોરોનાને કારણે આજે રાજકોટમાં માત્ર ૦૧ દર્દીનું મોત થયું છે. તો બીજી તરફ કોરોના રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

મચ્છરજન્ય રોગચાળાનું પ્રમાણ છેલ્લા કેટલાક દિવસોમાં વધ્યુ છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા તેની નાબુદી માટે મનપાના મેલેરીયા વિભાગ દ્વારા ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પાણી ભરાઈ રહેતા હોય તેવા સ્થળોએ ચકાસણી હાથ ધરી પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. સેક્ટર-૬માં શ્રમિક પરિવારોના સામાનમાં પાણી ભરાતા તેને દૂર કરવામાં આવ્યુ હતુ અને ખુલ્લા ટાંકાઓમાં દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

ભાટ ખોડીયાર ઓટો એન્ડ સર્વિસ પર અજાણ્યા શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૨૧

ભાટ સ્થિત નિલકંઠ સોસાયટી વિભાગ-૧ ની સામે ખોડીયાર ઓટો એન્ડ એસેસરીઝના શો રૂમ પર બે ગાડીમાં આવેલા ત્રણ શખ્સોએ તોડફોડ કરી હતી. શો-રૂમનો કાચનો દરવાજો તેમજ અંદર રહેલા ટેબલનું ખાનું તોડી નાંખ્યું હતું. તે ઉપરાંત શો-રૂમની બહાર પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી નુકશાન પહોંચાડી શો-રૂમના માલિકને જાનથી મારી નાંખવાની ધમકી આપતા અડાલજ પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાહિલ પ્રદિપભાઈ વાણીયા (ઉં.૨૬) ભાટ ગામે પોતાના પરિવાર સાથે રહે છે. નિલકંઠ સોસાયટી વિભાગ-૧ સામે ખોડીયાર ઓટો એન્ડ એસેસરીસના નામથી ઓટો સર્વિસ શો-રૂમ છે. આ શો-રૂમ છેલ્લા દોઢ વર્ષથી કાર્યરત છે અને ભાગીદાર તરીકે અમીયાપુર ગામ નર્મદા કેનાલ પાસે ભરવાડ વાસ ખાતે રહેતા ખોડાભાઈ મશરૂભાઈ હાડદરા છે. શો-રૂમ ખાતે ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ગાડીઓની સર્વિસ તેમજ લે-વેચનું કામ ચાલે છે. ગતરોજ તા.૨૦ ના રોજ સાંજના સાત વાગ્યાના અરસામાં ફરિયાદી તેમજ તેમના પત્ની મોટેરા આશ્રમ ચોકડી દવાખાના થી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આશરે પોણા આઠ વાગે એપોલો સર્કલ પાસે આવતા મારા પર સાહિલભાઈ પર તેમના ફોઈના દિકરા સાગર વાઘેલાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતુ કે ભાટ ગામે ખાતે તારા શો રૂમે બે ગાડીમાં અજાણ્યા શખ્સો આવ્યા છે. જેમાં એક અર્ટીકા નં. જી.જે.૧૮.બી.પી.-૬૦૪૦ અને બીજી ઈટીઓસ છે. જે તારા શો રૂમ ખાતે તોડફોડ કરે છે. જેથી તું તાત્કાલીક આવી જા. જેથી સાહિલભાઈ અને તેમના ભાગીદાર શો રૂમ ખાતે આવી ગયા હતા. અજાણ્યા શખ્સો એ દુકાનના શટર તેમજ શોરૂમનો કાચનો દરવાજો અને અંદર રહેલા ટેબલના ડ્રોઅર તોડી નાખ્યા હતા. જયારે ઈન્ડીકા વિસ્ટા શો રૂમ બહાર ઉભી હતી તેનો કાચ પણ તોડી નાંખ્યો હતો. જયારે ઈટીઓસ કારમાં ડ્રાઈવરની બાજુની સીટમાં બેઠેલા શખ્સે તુ સુધરી જજે નહીતર જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. ત્યારબાદ શખ્સો ગાડી લઈ નાસી ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભાટ ગામે બાજી માંડીને બેઠેલા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

શ્રાવણ માસમાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી હોય તેમ લાગી રહ્યું છે. જુગારીઓને પકડી પાડવા માટે પોલીસ દોડાદોડી કરી રહી છે. તો બીજી તરફ ખેલીઓ જયાં જગ્યા મળે ત્યાં બાજી માંડીને રમવા માટે બેસી જાય છે. ત્યારે અડાલજ પોલીસે ભાટ ગામે જુગાર રમતા ચાર જુગારીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ ગામે અશોકજી ભવાનજી ઠાકોરના ઘરની આગળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતો હોવાની બામતી અડાલજ પોલીસને મળી હતી. જેથી પોલીસે સ્થળ પર રેઈડ કરતા જુગાર રમી રહેલા ભાટ પગીવાસ ખાતે રહેલા હસમુખ મેલાજી ઠાકોર, સરદાર નગર સમરથ સોસાયટી ખાતે રહેતા જેઠાલાલ ઓમપ્રકાશ વાઘવાણી, સરદારનગર રમેશદત્તના છાપરા પાસે રહેતો મહેશ વિનોદ મકવાણા અને સરદાર નગર ખાતે રહેતો ધર્મેન્દ્ર રાજેન્દ્ર દંતાણીને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રૂ.૨૨૬૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૪૪૧૦ મળી કુલ રૂ.૬૬૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના અગ્રણી સ્વ. હરીશભાઈ પાલના નિવાસસ્થાને તેઓનું બેસણુ અનોખી રીતે યોજાયુ હતુ. બેસણાના દિવસે જ સવારે ૯ થી ૧૧ દરમ્યાન રક્તદાન શિબિર યોજાઈ હતી. સગા-સંબંધીઓ અને સ્નેહીજનોએ રક્તદાન કરી તેઓને અનોખી રીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા સિવિલ ખાતે રક્ષાબંધનની ઉજવણી કરાઈ

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધન પર્વની ઉજવણી સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવી હતી. જેમાં સિવિલ હોસ્પિટલમાં હાજર ડોકટર્સ તેમજ કર્મચારી ભાઈઓને શહેર ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા રાખડી બાંધીને આશીર્વાદ આપી પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે શહેર ભાજપ મહિલાના મોરચાના બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

અમેરિકા જવા માગતા વિદ્યાર્થીઓને લોટરી લાગી

અમદાવાદ, તા.૨૧

મેશ્વી પટેલ, ગુજરાતની એક વિદ્યાર્થીની જેની યુ.એસ.માં ઉચ્ચ અભ્યાસ માટેની સ્ટુડન્ડ વિઝા એપ્લિકેશન ભૂતકાળમાં પાંચ-પાંચ વાર નકારી કાઢવામાં આવી હતી, પરંતુ મહામારીનું આ વર્ષ તેના માટે ફળ્યું જ્યારે યુનિવર્સિટી ઓફ ન્યુ હેવનમાં એકાઉન્ટિંગ સબ્જેક્ટમાં માસ્ટર કરવા માટે તેને વિઝા મળી ગયા. મેશ્વીએ કહ્યું કે યુએસમાં ભણવાનું મારું સ્વપ્ન આખરે સાકાર થયું. મેશ્વીએ કહ્યું, મારા માટે મહામારીની નકારાત્મકતાને હરાવવાનો આથી સારો રસ્તો કોઈ હોઈ શકે નહીં. આશ્ચર્યજનક રીતે આ વર્ષે અંકલ સેમ વિદ્યાર્થીઓને વિઝા આપવામાં વધુ ઉદાર રહ્યા છે, લોકલ ઓવરસીઝ એજ્યુકેશન કન્સલ્ટન્ટ્સ કહે છે કે તેમને ત્યાંથી પ્રોસેસ થયેલી ૯૫% થી વધુ સ્ટુડન્ટ વિઝા એપ્લિકેશનો મંજૂર કરવામાં આવી છે. ૯૫% વિઝા એપ્લિકેશનની સફળતા સાથે જ આ વર્ષ એક રેકોર્ડ વર્ષ રહ્યું છે. છેલ્લા એક દાયકામાં કોઈપણ સિઝનમાં આ સૌથી વધુ સક્સેસ રેટ છે. અમારા લગભગ તમામ વિદ્યાર્થીઓને વિઝા મળી ગયા છે. તેમ શહેરના જાણિતા ઓવરસીઝ વિઝા કન્સલ્ટન્ટ કવિતા પરીખ કહે છે. જેઓ દર વર્ષે ૬૫૦-૭૦૦ વિદ્યાર્થીઓને વિદેશમાં ભણવા જવા માટે કન્સલ્ટિંગ પૂરું પાડે છે. અન્ય એક સ્ટુડન્ટ વિઝા કન્સલ્ટન્ટ હેમંત અગ્રવાલે જણાવ્યું કે ૨૦૧૫ થી ૨૦૨૦ ની વચ્ચે અમને ફક્ત ૪૦% વિઝા વિઝા સકસેસ રેટ જોવા મળ્યો હતો. જે આ વર્ષે ૯૦% થી વધુ થયો છે. અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે, યુ.એસ.માં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ એક ઉત્તમ વર્ષ રહ્યું છે. જેમણે કહ્યું કે તેઓએ આ વખતે યુ.એસ. જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઉછાળો જોયો છે. ઓવરસીઝ વિઝા કન્સલ્ટન્ટ મૌલિન જોશીએ કહ્યું કે તેઓએ એવા વિદ્યાર્થીઓ પણ જોયા છે જેમના વિઝા ત્રણ, પાંચ અને સાત-સાત વાર નકારાવામાં આવ્યા હતા તેમને પણ આ વર્ષે વિઝા મળી ગયા છે. જોશીએ આગળ જણાવ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના દરવાજા આ વર્ષે વિદેશી વિદ્યાર્થીઓ માટે બંધ હોવાથી, યુ.એસ. તરફ જતા વિદ્યાર્થીઓનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે.

અમદાવાદનું એરપોર્ટ ૧૬ મહિના બાદ ફરી જીવંત

અમદાવાદ, તા.૨૧

દેશભરમાં હાલ કોરોનાના કેસમાં થઈ રહેલા સતત ઘટાડાને પગલે લોકજીવન ફરીથી ધબકતું થયુ છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે પણ તેની મોટી અસર જોવા મળી રહી છે. કોરોનાએ એન્ટ્રી કરી તે અગાઉની સ્થિતિએ હાલમાં મુસાફરોની પરિસ્થિતિ સુધરવા લાગી છે. અમદાવાદ એરપોર્ટ ખાતે ડોમેસ્ટિક મુસાફરોની અવર-જવર જૂન મહિનામાં ૨.૨૩ લાખ અને જુલાઈ મહિનામાં ૩.૩૨ લાખ નોંધાઈ હતી. આમ, એક મહિનામાં ડોમેસ્ટિક મુસાફરોમાં ૫૦ ટકા સુધીનો વધારો નોંધાયો છે.

અમદાવાદ એરપોર્ટમાં જુલાઈ મહિના દરમિયાન કુલ ૩૩૬૪ ફ્લાઈટમાં ૩૩૨૮૮૮ મુસાફરોની અવર-જવર નોંધાઈ હતી. આમ, પ્રત્યેક ફ્લાઈટમાં મુસાફરોની સંખ્યા સરેરાશ ૯૮ થી વધારે હતી. જેની સરખામણીએ કોરોનાની બીજી લહેર દરમિયાન મે મહિનામાં પ્રત્યેક ફ્લાઈટમાં મુસાફરોની સંખ્યા માત્ર ૭૩ હતી. જેના ઉપરથી જ એરટ્રાફિક હવે પૂર્વરત થયાનો અંદાજો લગાવી શકાય છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ એરપોર્ટમાં જૂન મહિનામાં દરરોજ સરેરાશ ૭૪૬૧ મુસાફરોની અવર-જવર હતી. હવે જુલાઈમાં તે વધીને ૧૦૭૩૮ નોંધાઈ છે. એપ્રિલ-મે દરમિયાન કોરોનાના કેસમાં વધારાને પગલે તેમજ અનેક રાજ્યો દ્વારા અન્ય રાજ્યથી આવનારા માટે આરટીપીસીઆર ટેસ્ટ પણ ફરજીયાત કરવામાં આવ્યો હતો. જેના પગલે મુસાફરોની સંખ્યામાં ખૂબ જ ઘટાડો નોંધાયો હતો. એ વખતે સ્થિતિ એવી પણ સર્જાઈ હતી કે પૂરતા મુસાફરો નહિ મળવાથી ફ્લાઈટને આખરી તબક્કે પણ રદ કરવી પડતી હતી. પરંતુ હવે સ્થિતિ ધીમે ધીમે સુધરી રહી છે. આગામી ૩ મહિનામાં વિવિધ તહેવારોની રજાઓ પણ આવતી હોવાથી અમદાવાદ એરપોર્ટ ખાતે પેસેન્જર ટ્રાફિકનો આંક ૫ લાખ સુધી પહોંચે તેવી સંભાવના છે. આંતરરાષ્ટ્રીય પેસેન્જર ટ્રાફિકની વાત કરીએ તો, જુલાઈ મહિનામાં દિલ્હી એરપોર્ટથી સૌથી વધુ ૨૦.૨૯ લાખ, મુંબઈ એરપોર્ટમાં ૧૦.૦૫ લાખ, કોલકાત્તામાં ૫.૭૪ લાખ, ચેન્નાઈમાં ૪.૪૬ લાખ સાથે સૌથી વધુ મુસાફરો નોંધાયા હતા. અમદાવાદ એરપોર્ટ ખાતેથી પણ આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવર-જવરમાં વધારો નોંધાયો છે. મે મહિનામાં ૨૧૫ ફ્લાઈટમાં ૭૪૪૨, જૂનમાં ૨૧૨ ફ્લાઈટમાં ૯૨૮૮ અને જુલાઈમાં ૨૬૦ ફ્લાઈટમાં ૧૨૫૪૩ આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવર-જવર હતી. આમ, જુલાઈમાં અમદાવાદ એરપોર્ટમાં પ્રત્યેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં ૪૮ થી વધુ મુસાફરો નોંધાયા હતા.

ખૂણેખાંચરેથી

- રક્ષાબંધન આજે હોવાથી શહેરના મીઠાઈ બજારમાં, રાખડીના બજારમાં થોડીક ભીડ જોવા મળતી હતી.
- જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિમાં દબાણનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો.
- ગાંધીનગર મનપાના અધિકારીઓને હવે આવાસોની ફાળવણી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં આજે સવારે ઝરમરિયો વરસાદ થતાં વાતાવરણમાં થોડેક બદલાવ આવ્યો છે પણ ઠેર ઠેર કાદવ જોવા મળતો હતો અને તેની અસરો વાહનચાલકો પર પડતી જોવા મળી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૯૩૫૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭૧૪૬ લોકોને અને શહેરમાં ૨૨૦૪ લોકોનો સમાવેશ થાય છે.
- આજે બપોર પછી સરકારી કચેરીઓમાં મહિલા કર્મચારીઓની ઓછી હાજરી જોવા મળતી હતી.
- કલેક્ટર કચેરીમાં આજે મીટીંગો હોવાને કારણે અધિકારીઓ બપોર પછી ઓફિસોમાં સાંજના સમયે જોવા મળ્યા હતા. ઘણા સમય પછી સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિમાં અધિકારીઓ અને ધારાસભ્યો સાથે જોવા મળ્યા હતા.

અલ્પેશ પરમાર પી.એચ.ડી. થયા

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત યુનિવર્સિટી સ્થિત સમાજવિદ્યા ભવન ઈતિહાસ વિભાગમાં ડૉ. વિજયાબેનના માર્ગદર્શન હેઠળ પરમાર અલ્પેશ ગિરીશભાઈએ 'ગુજરાતમાં પત્રકારત્વના ક્ષેત્રે ગાંધીજીનું યોગદાન' વિષય પર તૈયાર કરેલ મહાશોધ નિબંધને માન્ય રાખી પી.એચ.ડી.ની પદવી એનાયત કરી હતી.

મધ્ય તેમજ ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ થવાની શક્યતા

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં ફરીથી સક્રિય થયેલું ચોમાસું હવે દક્ષિણ ગુજરાતથી મધ્ય અને ઉત્તર ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૨ દિવસમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ થવાની શક્યતાઓ છે. આજે એટલે રવિવારે ઉત્તર ગુજરાતના અરવલ્લીમાં વરસાદની આગાહી છે. સાથે જ રાજ્યના દાહોદ, છોટા ઉદેપુર તથા વડોદરા તેમજ દક્ષિણ ગુજરાતમાં વલસાડ, ડાંગ, નવસારી, તાપીમાં ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે. રાજ્યમાં ઓગસ્ટના અંત સુધીમાં સારો વરસાદ રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઈ-પ્રોક્યોરમેન્ટ જાહેર નિવિદા નં. ૧૦, સને ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં.૧, દુર્ગા ઓઈલ મીલ પાછળ, સિંચાઈ ભવન, છાપરીયા રોડ, હિંમતનગર. પીન.નં.૩૮૩૦૦૧. ટેલીફોન નંબર. ૦૨૭૭૨-૨૪૬૬૭૧ દ્વારા નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અથવા માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલની સાં.૨૭.૭૦૦ કી.મી. થી સાં.૧૫૮.૨૦૦ કી.મી. અને ગોરઠીયા રીચાર્જ યોજનાના મરામત અને સુધારા-વધારાના કામો માટે છ-માસિક એકમ દીઠ ભાવોના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧. ટેન્ડર ડાઉનલોડ અને ઓનલાઈન સબમિશન કરવાની તા.૨૩/૦૮/૨૦૨૧ થી તા.૦૬/૦૯/૨૦૨૧, ૧૮:૦૦ કલાક સુધી

૨. ટેન્ડર ફી, બાનાની રકમ મોકલવાની છેલ્લી : ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ પછીના ૭ દિવસ (ફક્ત રજી.પો.એ.ડી./સ્પીડ પોષ્ટથી)

૩. ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય તા.૧૪/૦૯/૨૦૨૧, સમય:૧૨-૦૦ કલાકે. વિગતવાર ટેન્ડર નોટીસ www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે, તેમજ ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ અને અપલોડ માટે www.nwr.nprocure.com જોવાના રહેશે. જો કોઈ સુધારા વધારા કરવાની જરૂરિયાત ઉપસ્થિત થશે તો તે માહિતી www.nwr.nprocure.com ઉપર જ મુકવામાં આવશે અને તે બધા જ ઈજારદારશ્રીઓને બંધનકર્તા રહેશે.

નામાનિ/હિંમત/૨૭૦/૨૦૨૧